રાજ્યના જાહેર સાહસોના બિનસરકારી અધ્યક્ષશ્રી તથા બિનસરકારી ઉપાધ્યક્ષશ્રીને મળવાપાત્ર સવલતો બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:-જનવ -૧૦૨૦૧૪-૪૭૩૯૦૨(૬)-અ
સરદાર ભવન, ગાંધીનગર.
તા. ૨૩ -૦૪-૨૦૧૮.

**આમુખ:-**

નાણા વિભાગના જુદા જુદા પરિપત્રો દ્વારા રાજ્ય સરકારના જુદા જુદા જાહેર સાહસોના બિનસરકારી અધ્યક્ષશ્રી તથા બિનસરકારી ઉપાધ્યક્ષશ્રીને મળવાપાત્ર વિવિધ સવલતો અંગે જુદા જુદા સમયે જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આ સૂચનાઓમાં રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુધારાઓ પણ બહાર પાડવામાં આવેલ છે. રાજ્યના જાહેર સાહસોના સંદર્ભમાં બિનસરકારી અધ્યક્ષશ્રી અને બિનસરકારી ઉપાધ્યક્ષશ્રીને મળવાપાત્ર વિવિધ સવલતો અંગે બહાર પાડવામાં આવેલ સૂચનાઓને ઘણો લાંબો સમય પસાર થયેલ હોવાના કારણે, તેમજ કેટલાક કિસ્સાઓમાં કેવા પ્રકારની સવલતો મળવાપાત્ર થાય છે તે બાબતમાં અપૂરતી સ્પષ્ટતાના કારણે, તેમજ સંકલિત સૂચનાઓ ઉપલબ્ધ ન હોવાના કારણે મળવાપાત્ર સવલતો બાબતમાં કેટલાક કિસ્સાઓમાં દ્વિધા અને ગેરસમજના કારણે રાજ્ય સરકાર સમક્ષ જુદા જુદા જાહેર સાહસોના બિનસરકારી અધ્યક્ષશ્રી તેમજ બિનસરકારી ઉપાધ્યક્ષશ્રી દ્વારા તેઓશ્રીને મળવાપાત્ર સવલતો બાબતમાં અવારનવાર રજૂઆતો થયા કરે છે.

ઉપરોક્ત તમામ બાબતો લક્ષમાં લઈને રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્યના જાહેર સાહસોના બિનસરકારી અધ્યક્ષશ્રી અને બિનસરકારી

ઉપાધ્યક્ષશ્રીને મળવાપાત્ર સવલતો બાબતમાં એકસૂત્રતા જળવાય તે હેતુસર નવેસરથી પરિપત્ર બહાર પાડવાનો નિર્ણય કર્યો છે.

**પ રિ પ ત્ર :-**

રાજ્યના જાહેર સાહસોના બિનસરકારી અધ્યક્ષશ્રી/બિનસરકારી ઉપાધ્યક્ષશ્રીને નીચે જણાવ્યા અનુસાર માનદવેતન અને સવલતો મળવાપાત્ર થશે:

| | | |
|---|---|---|
| (૧) | માનદ વેતન | અધ્યક્ષશ્રી- રૂ.૨૫,૦૦૦ પ્રતિ માહ<br>ઉપાધ્યક્ષશ્રીઃ- રૂ.૧૫,૦૦૦ પ્રતિ માહ |
| (૨) | રહેઠાણ | • જાહેર સાહસો પાસે ફાળવવાપાત્ર રહેઠાણ હોય તો અધ્યક્ષશ્રીને તે રહેઠાણ ફાળવવામાં આવશે.<br>• જો જાહેર સાહસો પાસે ફાળવવાપાત્ર રહેઠાણ ઉપલબ્ધ ના હોય તો અધ્યક્ષશ્રીને **ગ** કેટેગરીનું સરકારી આવાસ મળવાપાત્ર થશે. |
| (૩) | વીજ બીલ | ફાળવવામાં આવેલ સરકારી આવાસમાં બીન સરકારી અધ્યક્ષશ્રીને વીજ બીલનો ખર્ચ પ્રતિ માહ રૂ.૩,૦૦૦ની મર્યાદામાં અથવા વીજ બીલની રકમ બે માંથી જે ઓછું હોય તે સબંધિત જાહેર સાહસો દ્વારા રીએમ્બર્સમેન્ટ કરી આપવામાં આવશે.તે ઉપરાંતનો વીજવપરાશનો ખર્ચ અંગત રીતે ભોગવવાનો રહેશે. |
| નીચે જણાવેલ સવલતો બિનસરકારી અધ્યક્ષશ્રી અને બિનસરકારી ઉપાધ્યક્ષશ્રીને મળવાપાત્ર થશે. | | |
| (૪) | ચેમ્બર | અધ્યક્ષશ્રી તથા ઉપાધ્યક્ષશ્રીને કચેરી કામગીરીને અનુરૂપ ચેમ્બર તેમજ જરુરી ફર્નિચર મળવાપાત્ર થશે. |
| (૫) | ટેલિફોન અને મોબાઈલ ફોન | નિવાસસ્થાને લેન્ડ લાઈન ફોન મળવાપાત્ર થશે. ઉપરાંત મોબાઈલ ફોનના ટોકટાઇમ પેટે પ્રતિ માહ રૂ.૧૫૦૦ ની મર્યાદામાં રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે. |



(107)

| | | |
|---|---|---|
| (૬) | મેડીકલ સુવિધા | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૭-૩-૨૦૧૮ના સુધારા ઠરાવ મુજબ "મુખ્યમંત્રી અમૃતમ "મા"અને "મા વાત્સલ્ય યોજના"નો લાભ મળવાપાત્ર થશે.આ અંગેનો જરૂરી ઠરાવ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવશે. |
| (૭) | વાહન સવલત | ઇનોવા વાહનનું ન્યુનત્તમ મોડેલ મળવાપાત્ર થશે. પ્રતિ માહ મહત્તમ ૩,૦૦૦ કિ.મી.ની મર્યાદામાં વાહનનો ઉપયોગ કરી શકાશે.વાહન વપરાશ બદલ ૩,૦૦૦ કિ.મી.ની મહત્તમ મર્યાદા સુધીનો ખર્ચ જાહેર સાહસો દ્વારા ભોગવવામાં આવશે. તે ઉપરાંતનો વાહન વપરાશનો ખર્ચ અંગત રીતે ભોગવવાનો રહેશે. |
| (૮) | મુસાફરી ભથ્થું | બોર્ડના કામ માટે કરવાની થતી મુસાફરી માટે પ્રથમ વર્ગના સરકારી અધિકારીને મળવાપાત્ર મુસાફરી ભથ્થાના દરે પ્રવર્તમાન નિયમોનુસાર મુસાફરી ભથ્થુ મળવાપાત્ર રહેશે, તેમજ પ્રથમ વર્ગના અધિકારીને મળવાપાત્ર દરે રેલવે તેમજ વિમાન દ્વારા મુસાફરી કરવા માટે હક્કદાર રહેશે. |
| (૯) | બોર્ડની બેઠકમાં હાજરી આપવા અંગેની સીટીંગ ફી | આ પરિપત્રની જોગવાઇ અન્વયે જાહેર સાંહસોના બિનસરકારી અધ્યક્ષ/બિનસરકારી ઉપાધ્યક્ષશ્રી માનદ વેતન મેળવતા હોવાથી તેઓશ્રીને સીટીંગ ફી મળવાપાત્ર થશે નહીં. બિનસરકારી ડીરેકટર્સને નાણા વિભાગના તારીખઃ-૧૬-૦૯-૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ-જનવ-૧૦૨૦૧૪-૪૭૩૯૦૨(૫)-અ મુજબ સીટીંગ ફી મળવાપાત્ર થશે. |



(109)

| | | |
|---|---|---|
| (૧૦) | મહેકમ | જાહેર સાહસ પાસે હાલના ઉપલબ્ધ મહેકમમાંથી જરૂરીયાત મુજબ વ્યવસ્થા કરવાની રહેશે. |

૩. આથી,રાજયના જાહેર સાહસોના બિનસરકારી અધ્યક્ષશ્રી અને બિનસરકારી ઉપાધ્યક્ષશ્રીને મળવાપાત્ર સવલતો અંગે નાણા વિભાગ દ્વારા અગાઉ બહાર પાડવામાં આવેલ તમામ પરિપત્ર/ ઠરાવ તેમજ અન્ય વહીવટી વિભાગો દ્વારા સવલતો અંગે બહાર પાડવામાં આવેલ સુચનાઓ આથી રદ કરવામાં આવે છે.

૪. આ પરિપત્ર જે જાહેર સાહસોને લાગુ પડશે તેની યાદી હવે પછી બહાર પાડવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

2:૮/૯

( ચંદ્રવદન મેકવાન)
સરકારના સંયુકત સચિવ,
જાહેર સાહસ બ્યુરો,
નાણા વિભાગ.

નકલ રવાના:-પ્રતિ

- નામદાર રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી,નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

- કમિશ્નરશ્રી અને સચિવશ્રી( આ.બા. )ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે જાહેર સાહસના મેનેજીંગ ડીરેકટરશ્રીઓ/ મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ સભ્ય સચિવશ્રીઓ.
- નાણા વિભાગની સર્વે શાખાઓ.
- એકાઉન્ટ જનરલ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સીસ્ટમ મેનેજરશ્રી,નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર – વિભાગની વેબસાઇટ ઉપર મુકવાની વિનંતી સહ.
- સીલેકટ ફાઇલ.